# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-01-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

**************************************************

1) અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળતાની સાથે અમેરિકાને WHOમાંથી બહાર કરવા સહિતનાં 80 જેટલાં આદેશ પસાર કર્યાં

2) વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે બ્રસેલ્સમાં બેલ્જિયમના વિદેશ અને વિદેશ વેપાર મંત્રી બર્નાર્ડ ક્વિન્ટિન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી

3) છત્તીસગઢ અને ઓડિશા સરહદ પર કેન્દ્રીય અનામત પોલીસ દળ- CRPFની ટુકડીએ 14 માઓવાદી ઠાર કર્યાં

4) કુંભ મેળો દેશના અર્થતંત્રમાં 2 લાખ કરોડ રૂપિયાથી વધુનું યોગદાન આપે તેવો અંદાજ

5) સ્વિટ્ઝર્લૅન્ડના દાવોસમાં વિશ્વ આર્થિક મંચની વાર્ષિક બેઠકમાં ઇન્ડિયા પેવેલિયનનું ઉદ્ઘાટન કરાયું

.......................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# TRUMP EXECUTIVE ORDERS

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે બીજા કાર્યકાળના પહેલા દિવસે જ 80 જેટલા વહીવટી આદેશ પર હસ્તાક્ષર કર્યા છે. રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે કહ્યું, તેમની સર્વોચ્ચ પ્રાથમિકતા મૅક્સિકોને અડીને આવેલી અમેરિકાની દક્ષિણી સરહદ પર રાષ્ટ્રીય કટોકટી લાગુ કરવાની છે. તેમણે કહ્યું કે, દરેક પ્રકારની ગેરકાયદેસર ઘૂસણખોરીને તાત્કાલિક રોકવામાં આવશે. તેમજ લાખો અજાણ્યા ગુનેગારોને તેમની મૂળ જગ્યાએ પરત મોકલવાનું કામ પણ શરૂ કરાશે.

શ્રી ટ્રમ્પે એક મુખ્ય આદેશમાં વિશ્વ આરોગ્ય સંસ્થા- WHO માંથી ખસી જવાનો આદેશ આપ્યો છે, જેમાં તેમણે WHO પર અમેરિકા પાસેથી અન્યાયી રીતે ભારે ચૂકવણીની માગનો પણ આક્ષેપ કર્યો છે. શ્રી ટ્રમ્પે કહ્યું, તેઓ સરહદ પર સૈનિકોની તાત્કાલિક તહેનાતીનો પણ આદેશ જાહેર કરે છે. તેમણે ઉમેર્યું, પહેલા દિવસે જાહેર કરાયેલા આદેશમાં ઇમિગ્રેશન પર પ્રતિબંધ, અશ્મિભૂત ઈંધણના ઉત્પાદનમાં વૃદ્ધિ અને આબોહવા સંબંધિત તે નિયમોને પરત લેવા પણ સામેલ છે, જેને વર્ષ 2021ની પેરિસ જળવાયુ સંધિના નામે ઓળખવામાં આવે છે.

# TRUMP - ADMINISTRATION

અમેરિકન સેનેટે ટ્રમ્પ વહીવટીતંત્રમાં 72મા વિદેશ મંત્રી તરીકે માર્કો રુબિયોની નિમણૂકની પુષ્ટિ કરી છે. અમેરિકન સેનેટની સત્તાવાર વેબસાઇટ અનુસાર, 119મા કોંગ્રેસના પ્રથમ સત્ર દરમિયાન રુબિયોએ 99-0 થી વિજયી થયા છે. વ્હાઇટ હાઉસે પણ સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમની નિમણૂકની પુષ્ટિ કરી છે.

દરમિયાન, ભારતીય મૂળના ઉદ્યોગસાહસિક વિવેક રામાસ્વામી હવે ટેસ્લાના સીઈઓ એલોન મસ્ક સાથે સરકારી કાર્યક્ષમતા વિભાગના સહ-વડા રહેશે નહીં, ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહના કલાકો પછી સોમવારે વ્હાઇટ હાઉસે આ સમાચારની પુષ્ટિ કરી છે.

# PM-STATEHOOD DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મણિપુર, મેઘાલય અને ત્રિપુરા રાજયના સ્થાપના દિવસ પ્રસંગે શુભેચ્છાઓ વ્યક્ત કરી છે. એક સંદેશામાં શ્રી મોદીએ જણાવ્યું છે કે, દેશનાં વિકાસમાં મણિપુરનાં લોકોએ ભજવેલી ભૂમિકા બદલ સમગ્ર દેશને ગર્વ છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, કુદરતી સૌંદર્ય અને લોકોનાં ઉદ્યમશીલ સ્વભાવ માટે મેઘાલય જાણીતું છે. ત્રિપુરા અંગે શ્રી મોદીએ જણાવ્યું કે, રાષ્ટ્રની પ્રગતિમાં ત્રિપુરા નોંધપાત્ર પ્રદાન આપી રહ્યું છે. ત્રિપુરા તેની ભવ્ય સંસ્કૃતિ અને વારસા માટે જાણીતું છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ત્રણેય રાજ્યોને સ્થાપના દિવસ પ્રસંગે શુભેચ્છા પાઠવી છે.

# PIYUSH GOYEL-BELGIUM

વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પીયૂષ ગોયલે આજે બ્રસેલ્સમાં બેલ્જિયમના વિદેશ અને વિદેશ વેપાર મંત્રી બર્નાર્ડ ક્વિન્ટિન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી. બંને નેતાઓએ પરસ્પર તકોનો લાભ લેવા માટે મુખ્ય પરિબળો તરીકે વિદેશી વેપાર પર બેલ્જિયમની નોંધપાત્ર નિર્ભરતા અને ભારતની ગતિશીલ, વિકસતી અર્થવ્યવસ્થાને સ્વીકારી. તેમણે EU-ભારત મુક્ત વેપાર કરાર વાટાઘાટોની પ્રગતિની પણ ચર્ચા કરી અને વાટાઘાટોને સુવ્યવસ્થિત કરવા અને આર્થિક સંબંધોને મજબૂત બનાવવા માટે વેપાર મુદ્દાઓને પ્રાથમિકતા આપવાના મહત્વ પર ભાર મૂક્યો.

2023-24માં ભારત અને બેલ્જિયમનો વેપાર 15 અબજ ડોલરથી વધુ હોવાનો અંદાજ છે, જ્યારે બેલ્જિયમથી ભારતમાં 4 અબજ ડોલર જેટલું સીધું વિદેશી રોકાણ થયું હોવાનો અંદાજ છે.

# CHHATTISGARH-ENCOUNTER

છત્તીસગઢ અને ઓડિશા સરહદ પર ગઈકાલે રાત્રે પોલીસ તેમજ કેન્દ્રીય અનામત પોલીસ દળ- CRPFની ટુકડીએ સંયુક્ત અભિયાનમાં ઓછામાં ઓછા 14 માઓવાદી ઠાર કર્યા છે. આમાં નક્સવાદીઓની કેન્દ્રિય સમિતિનો કુખ્યાત સભ્ય જયરામ ઉર્ફે ચલપતિ પણ ઠાર મરાયો છે. તેની ઉપર 1 કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કરાયું હતું.

અમારા પ્રતિનિધિએ જણાવ્યું કે, કુલ્હાડીઘાટના વન્ય વિસ્તારમાં માઓવાદીઓ છૂપાયાની માહિતી મળી હતી. સુરક્ષા દળના જવાનોએ ઘટનાસ્થળ પર એક સેલ્ફ લેન્ડિંગ રાઈફલ સહિત મોટી સંખ્યામાં હથિયાર, દારૂગોળા, IED વિસ્ફોટક કબજે કર્યા હતા. આ વિસ્તારમાં મોટા પાયે તપાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

# KUMBH ECONOMY

અને હવે મહાકુંભ અંગેના સમાચાર..

(MUSIC MAHAKUMBH OPENING)

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં લાખો શ્રધ્ધાળુઓ પહોંચી રહ્યા છે. મહાકુંભમાં આવતા શ્રધ્ધાળુઓને કોઈ અગવડ ન પડે તે માટે સરકારે વિશેષ વ્યવસ્થાઓ કરી છે. વિશ્વનાં આ સૌથી મોટા ધાર્મિક મેળાવડાથી ઉતરપ્રદેશ સરકાર અને દેશનાં અર્થતંત્રને પણ ફાયદો થશે.

પ્રસ્તુત છે એક અહેવાલઃ

**(BYTE :ANAND KUMAR KUMBH)**

(MUSIC MAHAKUMBH CLOSING)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# DAVOS - INDIA PAVILION

ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાન અને કૌશલ્ય વિકાસ તથા ઉદ્યોગસાહસિકતા રાજ્ય મંત્રી જયંત ચૌધરીએ સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વિશ્વ આર્થિક મંચની વાર્ષિક બેઠકમાં ઇન્ડિયા પેવેલિયનનું ઉદ્ઘાટન કર્યું. શ્રી પાસવાને કહ્યું કે, ભારતની પ્રગતિથી સમગ્ર વિશ્વને ફાયદો થશે.

માધ્યમો સાથે વાત કરતા શ્રી પાસવાને કહ્યું કે, તેઓ વૈશ્વિક સ્તરે સારા સહયોગની રાહ જોઈ રહ્યા છે અને ઉમેર્યું કે નરેન્દ્ર મોદી સરકાર ભારતને ખાદ્ય ક્ષેત્રમાં અગ્રણી બનાવવા માંગે છે.

શ્રી પાસવાને કોકાકોલાના CEO હેનરિક બ્રૌન સાથે ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રને મજબૂત બનાવવા અને ટકાઉ પ્રણાલિઓને પ્રોત્સાહન આપવા અંગે બેઠક કરી હતી. આ પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી પણ અન્ય ભારતીય નેતાઓ સાથે હાજર રહ્યા હતા.

# AMRUT UDHYAN

રાષ્ટ્રપતિ ભવન સ્થિત અમૃત ઉદ્યાન ફેબ્રુઆરીની બીજી તારીખથી 30 માર્ચ સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે. લોકો સોમવાર સિવાય અઠવાડિયામાં 6 દિવસ સવારે 10 થી સાંજે 6 વાગ્યા સુધી ઉદ્યાનની મુલાકાત લઈ શકશે. ઉદ્યાનમાં બુકિંગ અને પ્રવેશ નિઃશુલ્ક છે અને રાષ્ટ્રપતિ ભવનની વેબસાઇટ પરથી મુલાકાત બુક કરી શકાશે.

રાષ્ટ્રપતિ ભવન છઠ્ઠી માર્ચથી શરૂ થતા અમૃત ઉદ્યાનના ભાગ રૂપે ચાર દિવસીય વિવિધતા કા અમૃત મહોત્સવનું પણ આયોજન કરશે. આ મહોત્સવ દક્ષિણ ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને અનોખી પરંપરાઓનું પ્રદર્શન કરશે.

# AUSTRALIAN OPEN

ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસમાં, 11મી ક્રમાંકિત પૌલા બડોસા ગ્રાન્ડ સ્લેમની પહેલી સેમિફાઇનલમાં પહોંચી ગઈ છે. સ્પેનની ખેલાડીએ આજે સવારે રોડ લેવર એરેના ખાતે તેના અમેરિકન હરીફ કોકો ગૌફને હરાવી હતી.

મિક્સ ડબલ્સમાં, ભારતના રોહન બોપન્ના અને ચીનના તેના સાથી ઝાંગ શુઆઈ મેલબોર્નમાં અંતિમ આઠ મુકાબલામાં જોન પીઅર્સ અને ઓલિવિયા ગાડેકીનો સામનો કરશે.

મેન્સ સિંગલ્સમાં, સાતમી ક્રમાંકિત સર્બિયાના નોવાક જોકોવિચ ત્રીજા ક્રમાંકિત સ્પેનના કાર્લોસ અલ્કારાઝ સામે ટકરાશે ..

# BJP- SANKALP PATRA

ભારતીય જનતા પાર્ટીએ દિલ્હીના યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે 15 હજાર રૂપિયાની નાણાકીય સહાય આપવાનું વચન આપ્યું છે.

આજે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા ભાજપના નેતા અનુરાગ ઠાકુરે દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે સંકલ્પપત્રના બીજા ભાગની જાહેરાત કરી. આ પ્રસંગે બોલતા શ્રી ઠાકુરે કહ્યું કે, પક્ષ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સરકારી શૈક્ષણિક સંસ્થાઓમાં કેજી થી પીજી સુધી મફત શિક્ષણ આપશે. તેમણે જાહેરાત કરી કે, જો ભાજપ દિલ્હીમાં સરકાર બનાવે છે,તો અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ટેકનિકલ અને વ્યાવસાયિક અભ્યાસક્રમો કરવા માટે ડૉ. બી.આર. આંબેડકર સ્ટાઈપેન્ડ યોજના હેઠળ દર મહિને એક હજાર રૂપિયાનું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે.